**અગ્રતા ક્રમ:-૭ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૪૬૧**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – અરવિંદભાઇ લાડાણી, (માણાવદર)**

**"જૂનાગઢ જિલ્લામાંથી નકલી ડી.વાય.એસ.પી. પકડવા બાબત"**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી સંજયભાઇ કોરડીયા (જુનાગઢ)**

**પૂરક પ્રશ્ન (૧) જુનાગઢ જીલ્લામાં આ નકલી ડીવાયએસપી કેવી રીતે પકડાયો? કોણ ફરિયાદી છે? કેસની વિગતો જણાવશો.**

**જવાબ: માન. અદ્યક્ષશ્રી,**

- બાતમીદારો મારફતે પોલીસને જાણવા મળેલ કે વિનીત બંસીલાલ દવે, રહે-જુનાગઢ (હાલ રહે-અમદાવાદ) જુનાગઢ ફેમિલી કોર્ટમા ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોઇ, તે ડીવાયએસપી તરીકેની ઓળખ આપીને લોકોને નોકરીની લાલચ આપી છેતરપીંડી કરે છે.
- જે પોલીસ ખાતામા નોકરી ન કરતો હોવા છતાં લોકોને છેતરવા માટે પોતાની ડીવાયએસપી તરીકેની ઓળખ આપી, ડીવાયએસપી તરીકેનુ બનાવટી આઇકાર્ડ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી સામાન્ય લોકોને બતાવી સરકારી ડીપાર્ટમેન્ટમા પોતે ઉચ્ચ અધીકારીઓને ઓળખતા હોવાનું જણાવી સરકારી નોકરી આપવાની લાલચ આપી લોકો પાસેથી નાણા પડાવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરે છે.
- જે ઇસમ શુભ મંગલ કોમ્પ્લેક્ષ નજીક રોડ પર ઉભેલ હોવાની બાતમી જુનાગઢ પોલીસને મળેલ.

- જે બાતમીને આધારે તપાસ કરતા તેની અટકાયત કરી, ક્રાઈમ બ્રાન્ચ જુનાગઢના અધિકારી સરકાર તરફે ફરીયાદી બનીને ગુનો દાખલ કરેલ હતો.
- તેના કોર્ટમાંથી છ દિવસના રીમાન્ડ મંજુર કરાવી ઘરની ઝડતી લેતા **૨૦ લાખ રોકડા** અને **૪ લાખની કિંમતની કાર જપ્ત** કરેલ છે. તેના બેંક ખાતામાં રહેલ **૧૮ લાખને ફ્રીઝ કરેલ** છે.
- પોલીસ તપાસમાં અન્ય જીલ્લા / શહેરો જેવા કે, ગોંડલ, અમરેલી, પાટણ, ગીર–સોમનાથ, રાજકોટ વગેરેના **આશરે ૧૯ ઇસમો** સાથે રેલ્વે, પોલીસ, ક્લાર્કની નોકરી અપાવવા છેતરપીંડી કરી હોવાનું તપાસમાં ખુલેલ છે.
- આ ૧૯ જણાને ભોગ બનનાર તરીકે લીધા છે અને સાહેદ તરીકે લઈને, ૧૬૪ મુજબના નિવેદનો લઈને કાનૂની કાર્યવાહી કરી છે.